# શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન

# ભવભ્રમણનું કારણ શું ???

**જૈનો જાગો**

**લેખાંક : ૫૭**

જીવ અનંત ભવ ભ્રમણમાં ફરતાં-ફરતાં અનેક વખત મનુષ્યપણું પ્રાપ્ત કર્યું અને એ મળેલાં મનુષ્યપણાંમાં જાણતાં કે અજાણતાં ક્રમિકપણે વિકાસ કરતાં-કરતાં ઘણા-ઘણાં મનુષ્યપણાંનાં ભવો પછી એકાદ વખત મોક્ષમાર્ગી સંપ્રદાયમાં માનવભવ પ્રાપ્ત થાય છે. અને જે મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ પામે છે તે મોક્ષમાર્ગી સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવે રચાવેલાં શાસ્ત્રોનો પ્રમુખસાર : કે મળેલાં માનવભવને સાર્થક કરવાં મુક્તિનાં માર્ગની પ્રાપ્તી કરવી અને પ્રાપ્ત થયેલાં મુક્તિનાં માર્ગની આરાધનાં કરતાં-કરતાં ''મુક્ત દશા'' પામવી, અને એ પામવા માટે શું કરવાનું છે તેની જાણકારી આપી છે. અને એ જાણકારી જાણવા બાળજીવોએ શ્રી ધર્માચાર્યોની વાણીને સત્ય ગણવી અને તેમની નિશ્રામાં સંજોગ અવસ્થા પ્રમાણેની આરાધનાં કરવી અને આત્મીક ગુણો પ્રગટાવવાં અને વિષય-કષાયોથી નિવૃતિ પામવી. આજ સર્વ મોક્ષમાર્ગી સંપ્રદાયનાં શાસ્ત્રોનો સાર ગણાય. અને આ સાર યથાર્થ પણ છે. જૈન સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન ગણાય (સર્વ શ્રી તીર્થંકર પરમાત્મા પરમ ઉપકારી છે અને માનવાનાં છે) કારણ કે વર્તમાનકાળમાં (પાંચમાં આરામાં) શ્રી મહાવીર સ્વામી પરમાત્માએ રચાવેલાં શાસ્ત્રો પ્રાપ્ત થયા છે. (તેમનો આપેલો મોક્ષનો જ્ઞાનમાર્ગ બાળજીવોને પ્રાપ્ત થયેલ છે.) અને તેમનું શાસન વર્તમાનકાળમાં વર્તે છે. માટે તેઓ પરોપકારી પરમ ઉપકારી શ્રી ઈષ્ટદેવ ગણાય અને તેમનાં પ્રત્યેની શ્રધ્ધા થકી જીવો મોક્ષની પ્રાપ્તી કરે છે.

> જે જીવ શ્રી જિનવરને ગણે,
> જાણે પુન્યનું કાર્ય,
> કરે દ્રષ્ટિનાં દોષથી,
> ફરે ગતિમાં ચાર.

સર્વ શ્રી તીર્થંકર પરમાત્માએ અને સાથે સર્વ જ્ઞાની મહાપુરુષોએ જૈન સંપ્રદાયમાં જન્મ્યાનું ફળ અને માનવભવને સાર્થક કરવાનું સાર્થકપણું એક ''સમ્યગ-દર્શન''ની પ્રાપ્તી ગણાવી છે. અને સમ્યગ દર્શનનું અલૌકિકપણું - આશ્ચર્યપણું અને અદ્દ્ભુતતાંનું વર્ણન અકલ્પપણાંનું ગણાવ્યું છે. (કેવળજ્ઞાન પ્રકાશવાનું કહ્યું નથી પણ સમ્યગ દર્શનની પ્રાપ્તી કરવાનું કહ્યું છે. અને ભાવિ ભવોમાં સમ્યગ દર્શનનું ફળ જ કેવળજ્ઞાન છે.) અને સમ્યગ-દર્શનની પ્રાપ્તી બાળજીવોએ શ્રી ધર્માચાર્યો થકી જ પ્રાપ્ત કરવાની છે. (આત્માનુભવિ સદ્દગુરુનો યોગ સર્વ જીવોને અને સર્વ સમયે પ્રાપ્ત થતો નથી અને તેનાં વિકલ્પ સ્વરૂપે શ્રી ધર્માચાર્યો જ યથા-યોગ્ય ગણાય.) ''સમ્યગ દર્શનની પ્રાપ્તી એજ જૈનપણાંનું સાર્થક ફળ-ગણાય-મનાય અને પ્રાપ્ત કરવાં યોગ્ય છે''. સમ્યગ-દર્શનની પ્રાપ્તીની ''દેશના ફરમાન'' શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને કરી છે. અને સમ્યગ-દર્શનની અહોભાવથી વંદનાં સર્વ જ્ઞાની મહાપુરુષોએ કરી છે. તેનું કારણ શું તેની મુખ્ય લક્ષણોએ વિચારણાં કરીએ.

> ભવસાગરમાં પાર ઉતરવાં,
> માગું જિનનો બોધ,
> ટાળો નહીં આ યોગને,
> ફરી-ફરી માંગું જોગ.

બાળજીવોએ ભવ-ભ્રમણમાંથી છુટતાં પહેલા અને મુક્તિ પામતાં પહેલા ભવ-મર્યાદા કરવી જ પડે છે. (ભવ-મર્યાદા બંધાયા પહેલાં ભવ-ભ્રમણ તુટતું નથી.) તેથી

૧) **સમ્યગ-દર્શન** એ ભવ-મર્યાદા છે.

૨) **સમ્યગ-દર્શન** એ અજાણતાં પણ જ્ઞાનમાં રખાવે છે, (તેનાં કારણે કર્મો અલ્પ બંધાય.)

3) **સમ્યગ-દર્શન** એ સર્વ અવસ્થાએ સુખ-શાંતિ અને આનંદમાં રખાવે છે. (ગમે તેવાં ભારે કર્મોનાં ઉદયમાં)

૪) **સમ્યગ-દર્શન**, ભયભીતતાં-અસલામતિ-જન્મવાનો મોહ અને મરણનાં ભયને નાશ કરે છે.

૫) **સમ્યગ-દર્શન**, પાપોનો નાશ કરનાર અને પાપોથી બચાવનાર છે.

> કાપો પુન્યની દ્રષ્ટિને,
> આપો સમજણ સત્યની,
> પામું સમકિત શુધ્ધને,
> ટાળું મિથ્યાત્વ મોહને.

૬) **સમ્યગ-દર્શન** આત્મીક ઉલ્લાસ પ્રગટ કરે છે. (જગતમાંથી આનંદ લેવાની જરૂર નથી.)

૭) **સમ્યગ-દર્શન** ''યાચકભાવ'' ટળાવે છે. (આત્મગૌરવ સહિત સ્વાવલંબી બનાવે છે.)

૮) **સમ્યગ-દર્શન** તૃષ્ણાને તોડનાર છે. (ઈચ્છા શક્તિને મંદ કરાવીને સંતોષીપણું પ્રાપ્ત કરાવે છે.)

૯) **સમ્યગ-દર્શન**, સમયે-સમયે અજ્ઞાનની સામે ''જ્ઞાનનું અલૌકિક દર્શન'' કરાવે છે.

૧૦) **સમ્યગ-દર્શન** દેહનો લોભ ટાળે છે. (દેહ ઉપરથી દ્રષ્ટિ હટાવીને આત્મા ઉપર દ્રષ્ટિ સ્થિર કરાવે છે.)

૧૧) **સમ્યગ-દર્શન** ''દેહાત્મબુધ્ધિ ટાળે છે''. (જેમાં દેહનું મમત્વ, દેહનાં સબંધીઓનું મમત્વ, દેહને લગતાં પદાર્થોનું મમત્વ, દેહને આવતી શાતા-અશાતાનું મમત્વ અને દેહને પ્રાપ્ત થયેલું (રાખેલાં) નામનું મમત્વનો દોષ ટાળે છે.

૧૨) **સમ્યગ-દર્શન** : જીવને પાપ-પુન્યની વૃતિને ટાળીને બળવાન પુન્યનું ઉપાર્જન સહજતાથી કરાવે છે.

૧૩) **સમ્યગ-દર્શન**, વિપર્યાસ બુધ્ધિને, વિપર્યાસ સ્વભાવને અને વિપર્યાસ દ્રષ્ટિને ટાળીને નિર્મળ બુધ્ધિ, આત્મીક સ્વભાવ અને કરૂણાં સભર દ્રષ્ટિ બનાવે છે.

૧૪) **સમ્યગ-દર્શન** : બળવાન કર્મોનાં ઉદયને શાંતભાવે વેદાવે છે. (આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો નાશ કરાવે છે.)

૧૫) **સમ્યગ-દર્શન** : જગતની આધી-વ્યાધી અને ઉપાધીથી મુક્તિ અપાવે છે. અને નરકગતીમાં પણ પરમ શાંતીનો અનુભવ કરાવે છે. (સમ્યગ-દર્શનની પ્રાપ્તી પહેલાં જો નરકગતીનું આયુષ્ય બાંધ્યું હોય તો પણ)

> પુન્યલક્ષની ભ્રાંતિએ,
> ટાળ્યાં માનવ ભવ,
> કરી ઉપેક્ષા જિન શાસનની,
> કરૂ અપેક્ષા ક્યાં જઈને?

આવા અનેક પ્રકારનાં ગુણ-સ્વભાવ અને લક્ષણો સમ્યગ-દર્શનમાં રહેલાં છે. અને સમ્યગ દર્શનની પ્રાપ્તી પછી ભાવી અલ્પ ભવોમાં કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તી થાય છે. (કરવી પડતી નથી, સહજતાથી મળે છે.) અને શાસ્ત્રોમાં જે-જે મહાન જીવાત્માનાં ઉદાહરણો જોવા મળે છે તે સર્વ જીવાત્માઓનાં ઉદાહરણ લગભગ સમ્યગ-દર્શનની પ્રાપ્તી પછીનાં જ ગણાય અને છે. આવું અલૌકિક-અદ્દ્ભુત સમ્યગ-દર્શન પ્રાપ્ત કરવાં જીવને મળેલો માનવભવમાં અને જૈનકુળમાં અને શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં ગુજારેલાં જીવનમાં બાળજીવોએ શું પ્રાપ્ત કર્યું ? અગર બાળજીવોએ સમ્યગ-દર્શનની પ્રાપ્તીનો પુરુષાર્થ કર્યો હોય તો તે બાળજીવોનું (સંસારી શ્રાવકપણામાં કે ત્યાગી સાધુ સંસ્થામાં) જૈનકુળનું સાર્થકપણું ગણાય અને શ્રી તીર્થંકર પરમાત્માની જ્ઞાન આરાધના ભક્તિ ગણાય અને શ્રી તીર્થંકર પરમાત્માની અને શાસ્ત્રોની આજ્ઞાવર્તી જીવ ગણાય અને ભાવિ અલ્પ ભવોમાં સમ્યગ દર્શનની પ્રાપ્તીનું કારણ બને અને મુક્તિનો અધિકારીપણું પામ્યો ગણાય. અને જો તેની બદલે સમ્યગ-દર્શનનું વિસ્મરણ કરીને (સમ્યગ-દર્શનની ઝુરણાં અને લક્ષ વગર) અને મુક્તિનાં માર્ગની

> કર્યા પુન્ય પ્રકાર અનેક,
> ધર્યા ત્યાગ અને દાન,
> ટાળ્યો શું, મેં ભ્રમણનો ભાર ?
> પામ્યો શું, હું સમકિત સાર?

વિરુધ્ધની (પુન્ય પ્રાપ્તી અર્થે) કરેલી ભક્તિ-સાધનાં-આરાધનાં-વ્રત-તપ-ત્યાગ અને દાન એવાં અનેક પ્રકારે કરેલો ધર્મ એ શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા વિરુધ્ધનો ધર્મ ગણાય. શ્રી પરમાત્માની આજ્ઞા અને તેમનાં આપેલાં બોધની વિરુધ્ધ, એ જ જ્ઞાન વિરાધનાં બને અને જ્ઞાન-વિરાધનાં ગણાય. અને જ્ઞાન વિરાધનાંનો દોષ બાળજીવને અજ્ઞાનમાં રાખે અને શ્રી પરમાત્મા અને જ્ઞાન અને જ્ઞાનીથી વિયોગ કરાવે (મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ લેવાનો યોગ ઘણાં-ઘણાં ભવોમાં ટળી જાય).

**જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**
**મુક્તિનો એક જ ઉપાય છે.**

**જ્ઞાનને જાણીને અજ્ઞાન ટાળવું, તેમાં મત-મતાંતર કે પક્ષા-પક્ષનો અને વય-વેશનો આગ્રહ છોડીને, સાચા આત્મલક્ષી શ્રી ધર્માચાર્યો પાસેથી ખાત્રી કરીને માનવો અને તેમની નિશ્રામાં વિરાધનાનો દોષ ટાળીને, જ્ઞાનનો આદરભાવ ગ્રહણ કરીને આરાધવો અને આરાધન થકી થતાં અનુભવને અનુભવિને ઉપકારી ભાવ સ્થાપવો અને ઉપકારીભાવ ગણીને કરેલું આરાધન આત્મીક ગુણો પ્રગટવાનું કારણ બને છે. અને આત્મીક ગુણો જ સ્વભાવ બને છે. અને જે સ્વભાવ બને તે જ જ્ઞાન સ્વભાવ-ગુણ સ્વભાવ બને છે. અને એજ સ્વભાવ એજ મોક્ષ સ્વભાવનું કારણ બનીને અલ્પભવોમાં મોક્ષગમન કરાવે છે.**

**જ્ઞાનની વિરાધનાં જીવને ''જ્ઞાનથી'' દુર કરે છે. જ્ઞાનની વિરાધનાંનો દોષ દુર થવાથી જીવ જ્ઞાનની નજીક આવે છે. અને જ્ઞાનની નજીક આવવાથી જ્ઞાનનો યોગ થાય છે. જ્ઞાનનાં યોગથી જ્ઞાનને માનવાનું મન થાય છે. જ્ઞાનને માનવાનાં મન થકી જ્ઞાન ગમવા લાગે છે. જ્ઞાન ગમવા લાગે તો જ્ઞાનનો આદર અને અહોભાવ જાગૃત થાય છે. જ્ઞાનનો આદર અને અહોભાવ થવાથી જ્ઞાન પામવાનું ગમે છે. અને જે ગમે છે તેનું આરાધન સહજતાથી થઈ શકે છે. અને જેનું આરાધન થાય તો તેનો અનુભવ પણ થવાનો અને અનુભવ થવાથી બળવાન શ્રધ્ધા સ્થાપીત થવાની. અનુભવગમ્ય શ્રધ્ધાને કારણે તે સંસ્કાર બનવાનાં અને તે સંસ્કાર સ્વભાવ બને છે, અને જે સ્વભાવ બને છે એજ જ્ઞાન સ્વભાવ અને જ્ઞાન સ્વભાવ એજ સ્વભાવનું જ્ઞાન અને જે સ્વભાવનું જ્ઞાન એજ ''જ્ઞાન''.**

**''અને'' બીજું બધું જગતનું જ્ઞાન એજ અજ્ઞાન અને અજ્ઞાન જેનાં ભાવમાંથી નિકળી ગયું, મનમાંથી નિકળી ગયું, બુધ્ધિમાંથી નિકળી ગયું, વિચારમાંથી નિકળી ગયું, દ્રષ્ટિમાંથી નિકળી ગયું, સમજણમાંથી નિકળી ગયું, સંકલ્પ-વિકલ્પમાંથી નિકળી ગયું, કાર્યોમાંથી નિકળી ગયું અને ઉદયકર્મોમાંથી નિકળી ગયું, તો જીવમાં જે રહ્યું તે જ્ઞાન-જ્ઞાન અને જ્ઞાન છે.**

અનુસંધાન પાના નં ૮૬ પર

અનુસંધાન પાના નં ૮૫ થી ચાલું

## ‘‘શ્રી ધર્માચાર્યોનું જીવન સુત્ર-જીવન મંત્ર અને જીવન કર્તવ્ય શું?’’

જંગલ છોડીને નગરમાં આવવાનું કારણ શું ? સંસારમાં રહેલાં બાળજીવોને(શ્રાવકપણાંમાં) સંપ્રદાયનાં શ્રી ઈષ્ટદેવ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનો પરીચય કરાવવો અને તેમણે શાસ્ત્રો રચાવીને આપણી ઉપર કરેલો અનંતા-અનંત ઉપકાર સમજાવીને અને તેમણે આપેલો શાસ્ત્રોમાં દેશનાં સ્વરૂપી બોધ જણાવીને મુક્તિ કેમ પામવી અને મુક્તિ પામવાં કેવાં સ્વરૂપથી અને કેવું લક્ષ ધારણ કરીને શ્રી તીર્થંકર પરમાત્માની આરાધન ભક્તિ કરીને ભવ-બંધનથી મુક્ત થવું અને શ્રી તીર્થંકર પરમાત્મા

**ધર્મનાં નામે ધાક ધરી,**
**કર્મોનાં કામે જ્ઞાન ધર્યું,**
**પુન્યનાં માને પાપ કર્યા,**
**ક્યારે ભાંગશે ભવ ભંડાર?**

કેવા હતાં અને કેવો બોધ આપેલો હતો (મોક્ષમાર્ગનું સુક્ષ્મ જ્ઞાનથી ભરેલો) તેનું જગતનાં અન્ય જીવો જાણે અને શ્રી તીર્થંકર પરમાત્માનું નામ અને મહિમાથી સકલ જગતનું કલ્યાણ થાય તેવાં ભાવ સહિત (‘‘સવિ જીવ કરુ શાસન રસી’’) શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો બોધ જ શ્રી ધર્માચાર્યો (શાસ્ત્રોનાં જાણકાર) સ્વકલ્યાણ અર્થે આરાધીને અન્ય બાળજીવોને ભવ-ભવાંતરનાં અને ભવ-ભ્રમણનાં દુ:ખોને ટાળવા અને દુર કરવા શ્રી પરમાત્માએ આપેલો આત્મકલ્યાણનો બોધ-નિશ્ચયબોધ બાળજીવોને આપીને આરાધન કરાવવું એમાંજ શ્રી ધર્માચાર્યોનું જીવન સાર્થકપણું ગણાય-અને બને. જીવ આ ભવે - આવતા ભવે કે અનંતા-અનંત ભવ પછી, આ ક્ષેત્રથી કે અન્ય ક્ષેત્રથી, જૈન સંપ્રદાયમાં રહીને કે અન્ય મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મીને બાળજીવોએ મોક્ષમાર્ગનાં જ્ઞાનમાં (માર્ગમાં) આવવાં માટે પુન્ય પ્રકૃતિ મંદ કરીને (પુન્યલક્ષને ટાળીને અને શ્રી પરમાત્માને ઉપકારી ભાવથી ભજીને) જ્ઞાન વિરાધનાનાં દોષથી બચીને અને જ્ઞાન પ્રાપ્તી અર્થે શ્રી ધર્માચાર્યોની નિશ્રા વગર બાળજીવો મુક્તિનાં માર્ગમાં આવી શકતાં નથી અને મુક્તિનાં જ્ઞાનની આરાધનાં ત્યાં સુધી શરૂ થતી નથી અને જ્યાં (જે સંપ્રદાયમાં) શ્રી ધર્માચાર્યો નથી તે સંપ્રદાય (સમાજ) મોક્ષમાર્ગી સંપ્રદાય ગણાતો નથી. તેથી એમ કહેવાય કે જ્યાં આગળ શ્રી ઇષ્ટદેવ હોય અને શાસ્ત્રો હોય ત્યાં આગળ શ્રી ધર્માચાર્યો અનિવાર્યપણે હોય જ તેથી એમ ગણાય કે મુક્તિમાર્ગનાં દાતાર શ્રી ધર્માચાર્યો જ છે. અને બાળજીવો મુક્તિનાં માર્ગની પ્રાપ્તી (જ્ઞાન વિરાધનાંથી બચીને) શ્રી ધર્માચાર્યો થકી જ પામ્યાં છે, પામતાં રહે છે; અને પામશે. બાળજીવોનો ભવ-ભ્રમણનો સાર સરળ ભાષામાં સમજવો હોય તો એમ કહેવાય કે બાળજીવોનું ભવ-ભ્રમણનું નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો ગણાય અને તેમાં આવતાં સુખ-દુખોનું કારણ બાળજીવોની વૃતિ ગણાય. (બાળજીવોનું જીવન જીવતાં કરેલાં કાર્યોનું ફળ

**પુન્યલક્ષી ધર્માત્મા થકી,**
**થયો ભ્રમણનો યોગ,**
**આત્માર્થી ધર્માચાર્યો થકી,**
**થાશે ભ્રમણ વિયોગ.**

ગણાય.)

મોક્ષ અને મોક્ષમાર્ગની શરૂઆત, કુટુંબ રચનાં-સમાજ વ્યવસ્થા અને શ્રી ધર્માચાર્યોની હાજરીથી શરૂ થાય છે. અને જ્યારે કુટુંબ વ્યવસ્થા-સમાજ રચનાંનો વિચ્છેદ અને શ્રી ધર્માચાર્યોની ગેરહાજરીએ મોક્ષમાર્ગ લુપ્ત થાય છે. [શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી આદીનાથ ભગવાનથી મોક્ષમાર્ગ ખુલ્લો થયો અને પાંચમાં આરાનાં અંતમાં કુટુંબ અને સમાજ વ્યવસ્થાનાં વિચ્છેદથી મોક્ષમાર્ગ લુપ્ત થશે (શાસ્ત્રોક્ત આધારીત સત્યાર્થ)] તો શ્રી ધર્માચાર્યો જંગલ છોડીને નગરમાં આવીને સ્વધર્મનાં-સ્વસંપ્રદાયનાં અને સ્વસમાજનું ચારિત્ર ઘડતર થાય અને સંપ્રદાયનાં શ્રાવકોમાં ગુણ સંસ્કાર પ્રકાશીત થાય અને કષાયોની મંદતા અને ક્ષય થાય તેવાં પ્રકારથી વ્યવહાર ધર્મ બતાવીને મુખ્યપણે શ્રી તીર્થંકર પરમાત્માએ બોધેલાં અને શાસ્ત્રોમાં આપેલાં બોધની

**શ્રી જિનને માથે ધરી,**
**આપો સમકિત સાર,**
**શ્રી જિનને હૃદયે કરી,**
**પામું સમકિત સાથ.**

બાળજીવોને સમજણ આપીને અને બાળજીવો મોક્ષમાર્ગમાં કેવી રીતે આવી શકે અને મોક્ષમાર્ગમાં આવીને કેવા લક્ષ સહિત શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ-આરાધનાં અને શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ સાધનાં અર્થે ધર્મનાં સ્થાનકોની રચનાં અને તે સ્થાનકોને સર્વ શ્રેષ્ઠપણે કેવી રીતે રાખવાં તેની સમજણ બાળજીવોને આપવી અનિવાર્ય છે. નહીંતર બાળજીવો મુક્તિનાં સાધનોને અણસમજણથી ભવબંધનનાં કારણો બનાવી દે છે. (જ્ઞાન-વિરાધનાં કરીને) અને જ્યારે શ્રાવકો અને સંઘ સંપૂર્ણ શ્રી ધર્માચાર્યોની આજ્ઞામાં વર્તતો હોય ત્યારે જો સંઘમાં કે સંપ્રદાયમાં વિવાદ કે મતમતાંતરથી દ્વેષ કે દુર્ભાવ, શ્રાવકો અને શ્રી ધર્માચાર્યોમા હોય અને ધર્મમાં અને ધર્મનાં કાર્યોમાં વિખવાદ હોય તો તેનું કારણ શ્રી ધર્માચાર્યો ગણાય. અને તેમાં બાળજીવોને સંકળાવવાથી

**મળ્યો ભવ માનવ તણો,**
**પામ્યો જિન શાસન,**
**કૃપા કરો ગુરૂવંતજી,**
**પામું આત્મ કલ્યાણ.**

બાળજીવોને જ્ઞાન વિરાધનાનો દોષ લાગે અને તેનાં કારણે જે બાળજીવોને શ્રી ધર્માચાર્યો થકી જ જ્ઞાન વિરાધનાંનો દોષ ટાળવાનો હોય છે, તેનાં જ થકી બાળજીવો જ્ઞાન વિરાધનાં અજાણતાં કરે છે. શ્રી ધર્માચાર્યોનું જીવન કર્તવ્ય સંઘ અને સંપ્રદાયમાં શાંતિ અને સુમેળભર્યું વાતાવરણ રહે એ છે. અને સર્વ બાળજીવો મત-મતાંતરનાં આગ્રહ છોડીને પક્ષા-પક્ષનો ભેદ ટાળીને, પ્રદેશનાં નામથી ઓળખાતાં પક્ષોનો ભેદ ભુલીને, એક તિથિ-બે તિથિની સંખ્યાનું શુન્ય સંખ્યા બનાવીને સૌ સંપ્રદાયનાં જીવોનું શ્રી તીર્થંકર પરમાત્માનાં આજ્ઞાંકિત સેવક-સાધકો બનવામાં સૌ બાળજીવોનું આત્મકલ્યાણનું કારણ છે. અને જ્ઞાન વિરાધનાથી બચવાનાં સંજોગ બન્યાં ગણાય. અને જૈનકુળમાં જન્મ્યાનું અને શ્રી સાધુપણાંનું સાર્થકપણું બને. અને સંપ્રદાયનાં સૌ જીવોનું આત્મીક કલ્યાણનું કારણ બને, **‘‘અને જો એક મતિ ન થાય, તો બાળજીવોનાં હિતાર્થે બે ગતિનાં સ્પષ્ટ ભેદ બાળજીવો સમજી અને જાણી શકે તેવાં રાખવાં જોઈએ, જેમ કે એક પક્ષ આત્મલક્ષીબોધી સંપ્રદાય (આત્માર્થી શ્રી ધર્માચાર્ય) અને બીજો પુન્યલક્ષીબોધી સંપ્રદાય (પુન્યાર્થી શ્રી ધર્માચાર્ય) આવી રીતે સ્પષ્ટ ભેદ રહે તો બાળજીવોને ભવભ્રમણનો બોધ પ્રાપ્ત કરવો કે ભવમુક્તિનો બોધ પ્રાપ્ત કરવો તેની ખબર તો પડે અને તેનાં કારણ થકી બાળજીવો વિરાધનાંનાં દોષથી તો બચે કે જેથી ભાવિ ભવોમાં મોક્ષમાર્ગનાં જ્ઞાન નજીક જઈ શકે અને માર્ગ પામીને આરાધનાં કરીને ભવ ભ્રમણ ટાળી શકે.’’** સંસારમાં રહેલાં બાળજીવોને જ્ઞાન આરાધનાં કોને કહેવાય અને જ્ઞાન વિરાધનાં કોને

**શ્રી ગુરૂ ભગવંતોને,**
**પડી-પડી-લાગુ પાય,**
**કરૂ વિનંતિ ભાવથી,**
**માગું શ્રી જિનનો બોધ.**

કહેવાય, અને જ્ઞાનમાર્ગમાં આવ્યાં પહેલાં મોક્ષમાર્ગની આરાધનાં કરી ગણાય કે આવ્યાં પછી જ મોક્ષમાર્ગની આરાધનાં શરૂ થાય છે. તેની જ બાળજીવોને ખબર નથી (શાસ્ત્રોથી સંપૂર્ણ અજાણ હોવાથી). તો શ્રી ધર્માચાર્યોએ બાળજીવોને શ્રી સાધુ સંસ્થાનાં આચાર-વિચાર-વર્તન-અને કાર્યોની સમજણ શ્રાવકો પામે અને જ્ઞાન વિરાધનાંનાં દોષથી મુક્ત થાય તે અર્થે આપવી અનિવાર્ય ગણાય. જેમ કે સાધુ-સંસ્થાનાં, સાધુ-સાધ્વીજીઓ મુક્તિનાં માર્ગનાં પ્રખર-આરાધક-સાધકો ગણાય તો તેઓ તેમનાં આત્મકલ્યાણમાં કેવી રીતે સ્થિરતાં ધારણ કરીને, આત્મોલ્લાસપૂર્વક આત્માનું કલ્યાણ કરી શકે અને તેમાં શ્રાવકો-શ્રાવિકાઓ કેવાં પ્રકારથી સેવા ભક્તિ કરે, તેની (વૈયા-વચ્ચ) સમજણ, અને બીજો પ્રકાર કે મુક્તિનાં માર્ગનાં જાણકાર (શાસ્ત્રોનાં જાણકાર) એવાં શ્રી ઉપાધ્યાયજી પાસેથી મોક્ષમાર્ગની પ્રાપ્તી અને જ્ઞાન વિરાધનાંથી બચવાનાં ઉપાયો વિગેરેની સમજણ શ્રી ઉપાધ્યાયજી થકી જ બાળજીવોને પ્રાપ્ત થાય છે. (શ્રી નમસ્કાર મહામંત્રનાં ચોથાં પદનાં અધિકારી) અને શ્રી ઉપાધ્યાયજીની સંપ્રદાયમાં ઉપસ્થિતીની સંખ્યા અને નામોથી શ્રાવકોને પરિચિત કરાવવા જોઈએ અને શ્રી આચાર્ય ભગવંતો ૩૬ ગુણોથી યુક્ત અને ગુણ સ્વભાવ પ્રગટેલાં એવાં શ્રી આચાર્ય ભગવંતોની ઉપસ્થિતી બાળજીવોને જણાવવી જોઈએ. અને આવી પરિસ્થિતી ન હોય તો શ્રી આચાર્ય ભગવંતો દ્રવ્ય અને ભાવથી રહેલાં હોય તો તેમનાં કાર્યો અને તેમનાં થકી પ્રાપ્ત થતી મોક્ષમાર્ગની આરાધનાથી બાળજીવોને પરિચિત કરાવવાં જોઈએ કે જેથી બાળજીવો વિરાધનાંનાં દોષથી બચે, (દ્રવ્ય અને ભાવમાં પણ-વિચારદશાએ-સમજણની સ્થિતીએ-અવલોકન દ્રષ્ટિએ, જીવન-વ્યવહારની સ્થિતીએ, કાર્યશૈલીમાં સંજોગ-પરિસ્થિતીએ-અને શ્રી તીર્થંકર પરમાત્માની શ્રધ્ધામાં-નિશંક શ્રધ્ધામાં અને શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં આત્મધર્મનાં બોધમાં બળવાન સ્થિરતાં ધારણ કરેલાંતો હોય જ છે.) ઉપરની જાણકારી બાળજીવો શ્રી ધર્માચાર્યો

**પુન્યબોધનાં કારણે,**
**કર્યું જ્ઞાન અજ્ઞાન,**
**ગ્રહ્યાં મુક્તિનાં સાધનો,**
**થયાં બંધનનાં કારણો.**

થકી જાણી શકે અને જાણીને જાણતાં કે અજાણતાં પણ વિરાધનાં ન થાય તેનો ઉપયોગ બાળજીવો રાખે તો આ ભવે કે અન્ય ભવે જ્ઞાન વિરાધનાંનાં દોષથી છુટકારો પામીને, જ્ઞાન પ્રાપ્તીનું નિમિત્ત કારણ પામી શકે છે. એ પણ મુક્તિમાર્ગની પ્રાપ્તીની કારણ સાધનાં ગણાય.

### * સત્સંગ *

**મુક્તિનું બળવાન સાધન અને આધાર શાસ્ત્રો, અને શાસ્ત્રોનું કારણ શ્રી ધર્માચાર્યો. (જાણે છે. અને જાળવે છે.) માટે બાળજીવો શાસ્ત્રો એજ શ્રી ધર્માચાર્યો અને શ્રી ધર્માચાર્યો એજ શાસ્ત્રોનાં જાણકાર, એવી સહજ સમજણથી બાળજીવો શ્રી ધર્માચાર્યોનો અતિશય આદરભાવ-બહુમાનભાવ અને પરમ વંદનિય ભાવ રાખીને બળવાન શ્રધ્ધા ધરાવે છે કે શ્રી ધર્માચાર્યો અમને મુક્તિનો માર્ગ બતાવીને માર્ગમાં આરાધનાં કરાવે છે. એવી બળવાન અંધશ્રધ્ધા (બુધ્ધિનો ઉપયોગ વગરનો વિશ્વાસ) ધરાવે છે. અને શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં સંપ્રદાયનાં અને ધર્મનાં બળવાન આધાર સ્થંભ માનીને પૂર્ણ વિશ્વાસ સહિત “ધર્મનું પૂર્ણ માન આપે છે. અને માન ધરાવે છે”. ત્યારે શ્રી ધર્માચાર્યોનું જીવન કર્તવ્ય અને શ્રી જિનેશ્વરની આજ્ઞા શી? અને શાસ્ત્રો જ્ઞાનથી શું ફરમાવે છે ?**

**બાળજીવોમાં ભવ-મુક્તિમાં નિમિત્ત કારણ બનવાનું કે**
**બાળજીવોનાં ભવ-બંધનમાં નિમિત્ત કારણ બનવાનું ?**
**બાળજીવોને જ્ઞાન-વિરાધનાંથી બચાવવાનાં કે**
**બાળજીવોને જ્ઞાન વિરાધનાં કરાવવાની ?**
**બાળજીવોને આત્મલક્ષી બનાવવાનાં કે બાળજીવોને પુન્યલક્ષી બનાવવાનાં?**
**બાળજીવોને શ્રી પરમાત્માની ઉપકારીભાવે આરાધનાં કરાવવાની કે બાળજીવોને શ્રી પરમાત્માની, પુણ્યનું કારણ ગણીને આરાધનાં કરાવવાની?**
**બાળજીવોને શ્રી પરમાત્માએ આપેલો નિશ્ચયબોધ આપવાનો કે બાળજીવોને અન્ય પ્રકારનો પુન્યલક્ષી બોધ આપવાનો ?**
**બાળજીવો શ્રી ધર્માચાર્યો પ્રત્યે ધર્મકર્તવ્ય નિભાવે તો શ્રી ધર્માચાર્યોનું જીવન કર્તવ્ય બાળજીવોએ મુકેલો બળવાન વિશ્વાસ ભંગ ન થાય એજ શ્રી ધર્માચાર્યોનું જીવનમંત્ર અને જીવનસુત્ર હોવું અનિવાર્ય છે.**

અનુસંધાન પાના નં ૮૭ પર

અનુસંધાન પાના નં ૮૬ થી ચાલું

## ''ભવબંધનનું કારણ અને ભવમુક્તિનાં નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો''

જગતનાં બાળજીવો અનંત ભવ-ભ્રમણથી મુક્તિનો માર્ગ શોધે છે. મુક્તિનો માર્ગ સમીપ હોવા છતાં મળતો નથી. અને ન મળવાનું કારણ જીવની ધર્મ અને શ્રી ધર્માચાર્યો પ્રત્યેની અંધશ્રધ્ધા સહિતની મત-મતાંતરની બળવાન ભ્રાંતિનાં કારણથી આવેલો (રાખેલો) અંધવિશ્વાસ, અને એનાં કારણે જીવે ધર્મની આરાધનાંનાં નામે કરેલી ''જ્ઞાન વિરાધનાં'' અને જ્ઞાન વિરાધનાંનાં કારણે જીવોને મુક્તિનું ત્રીજું દુર્લભ કારણ પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ બને છે. જીવને મુક્તિનું ત્રીજું દુર્લભ કારણ એ કે મુક્તિનો માર્ગ સાંભળવા-જાણવાં અને માનવામાં આવવો. **''આ મુક્તિનું ત્રીજું દુર્લભ કારણ બાળજીવોને મળવામાં લગભગ નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો જ બનશે. અને ન મળવામાં નિમિત્ત કારણ પણ શ્રી ધર્માચાર્યો જ છે.''** તે કેવી રીતે તેની વિચારણાં કરીએ.

જે બાળજીવોને મુક્તિનો બોધ પ્રથમ વખત સાંભળવા મળે છે. અને ત્યારે તે બોધમાં સંસારનાં દુ:ખોથી છુટવાનાં ઉપાયો જાણવામાં આવે છે. ત્યારે તે જીવોને તે આત્મકલ્યાણનો બોધ ગમવા લાગે છે. અને તે ગમવાનું કારણ પુર્વમાં કરેલી પુન્ય પ્રકૃતિનું મંદપણું અને પુન્ય પ્રકૃતિનાં મંદપણાંનાં કારણે બાળજીવોને પુન્ય પ્રકૃતિને બળવાન બનાવવામાં આવેલી ઉદાસીનતાં (પુન્ય પ્રકૃતિની ઉપેક્ષાવૃતિ). આ ઉદાસીનતાંને કારણે બાળજીવને મુક્તિનો બોધ સાંભળવો ગમે છે, જાણવો ગમે છે અને તેનાં કારણે અજ્ઞાન ટળતાં, (જ્ઞાનાવરણીય દોષ મંદ પડતાં) સત્યની ઝુરણાં જાગૃત થાય છે. અને તેનાં કારણે બાળજીવે સાંભળેલો-જાણેલો, મુક્તિનાં બોધને (નિશ્ચયબોધને) માનવાં લાગે છે અને માનતાં-માનતાં-માન્યતાં બને છે. અને (સર્વ બાળજીવોને પોતાની માન્યતામાં રહેવું ગમે છે.) માન્યતા ધીરે-ધીરે ક્રમિકપણે-વિચાર-સમજણ-અને સ્વભાવ બને છે. અને સ્વભાવમાં રહેવાથી અનુભવ બને છે. અને એજ અનુભવ સંસ્કાર બને છે. અને સંસ્કાર (આત્મીકગુણ) અન્ય ભવોમાં સાથે રહે છે. (આત્મીકગુણનું વિશિષ્ટપણું એ કે એક વખત પ્રગટ્યાં પછી, તે ગોપાતું નથી, સમય અનુસાર આવરણ આવે અને નિમિત્ત કારણ મળતાં આવરણ હઠી જાય અને પાછું આત્મીક ગુણ પ્રકાશીત થાય છે.)

**નિશ્ચય બોધ કે જે ભવમુક્તિનું કારણ,**
**ઉપદેશ બોધ કે જે ભવ ભ્રમણનું કારણ.**

જે બાળજીવોને મુક્તિનો બોધ પ્રથમ વખત સાંભળવા મળે અને તેમાં જ્યારે સંસારનાં દુ:ખોથી છુટવાનો ઉપાય આવે ત્યારે એવાં બાળજીવોને મુક્તિનો બોધ (નિશ્ચબોધ) ગમતો નથી કે જે બાળજીવોને સંસારનાં દુ:ખોથી છુટવામાંનહીં પણ સંસારનાં દુ:ખો ટાળવામાં (દુર કરવાની) વૃતિ બળવાન હોય છે. અને દુ:ખો દુર થઈ શકે તેવાં ઉપાયોમાં રૂચી બળવાન હોય છે. અને તેનાં કારણે તેમને પુન્ય બાંધવાની વૃતિ બળવાન થાય છે. વૃતિ બળવાન થવાનું કારણ પૂર્વમાં બળવાન કરેલી પુન્ય પ્રકૃતિ) આવા જીવોને પુન્ય પ્રાપ્તીનાં કાર્યોમાં બળવાનતાં ધારણ કરીને પૂર્વની પુન્ય પ્રકૃતિને ગાઢ કરવાનું કાર્ય કરે છે. અને તેનાં કારણે બાળજીવનો માનભાવ-નામભાવ અને સંસારભાવ બળવાન થાય છે. અને સંસારભાવનાં બળવાનપણાંનાં કારણે પુન્ય પ્રકૃતિ બળવાન થાય છે. અને પુન્યપ્રકૃતિનાં બળવાનપણાંનાં કારણે પુન્યલક્ષનું સ્થાપન થાય છે. અને પુન્યલક્ષનાં સ્થાપનને કારણે બાળજીવ જાણતાં કે અજાણતાં પુન્યલક્ષી બને છે. અને પુન્યલક્ષીબનવાને કારણે ધર્મનાં કોઈપણ કાર્યોમાં પ્રથમ પુન્ય કેવું પ્રાપ્ત થાય છે તેની

અનુસંધાન પાના નં ૮૮ પર

**પાપી જીવાત્મા જગતના જીવોને એક ભવ માટે દુ:ખી કરે,**
**પુન્યલક્ષી ''શ્રી'' બાળજીવોને અનંત ભવભ્રમણમાં ભટકાવીને અનંત ભવ દુ:ખી કરે.**

## * સત્સંગનું ફળ *

**સત્સંગસભામાં (ધર્મસભામાં) બાળજીવો મુક્તિ માગવાં નથી જતાં, અને મુક્તિ માગતાં પણ નથી. (બાળજીવોમાં એવું ''જ્ઞાન'' નથી.) બાળજીવો સંસારની આધી-વ્યાધી અને ઉપાધીમાં શાંતિ મળે એ અર્થે સત્સંગસભામાં જાય છે. અને સદ્ગુરૂ બાળજીવોને ત્રિવિધ તાપમાં શાંતિ પમાડે છે. સંસારભાવી બાળજીવો મુક્તિનાં માર્ગની-મુક્તિનાં સાધનોની-મુક્તિની સાધનાની અને મુક્તિનાં માર્ગની આરાધનાંની સમજણથી સંપૂર્ણ ''અજ્ઞાન'' અને ''અજ્ઞાત'' છે. છતાં સદ્ગુરૂ બાળજીવોને મુક્તિ માગ્યા વગર ''મુક્તિનો પદાર્થપાઠ ભણાવે છે''. [પ્રકૃતિને ક્રમિકપણે મંદ કરતાં-કરતાં ક્ષય થાય છે. પણ ભ્રાંતિને સત્યની ઝુરણાંથી સાચી સમજણ મેળવીને ટાળી શકાય છે. અને લક્ષને દ્રષ્ટિ બદલવાથી લક્ષને બદલી શકાય છે. (પુન્ય પ્રકૃતિ, અજ્ઞાનની ભ્રાંતિ અને પુન્ય લક્ષ)] અને સત્સંગસભામાં બાળજીવો નિર્ભયતાથી સવાલો પૂછી શકે છે. અને સંતોષકારક જવાબો મેળવે છે. (શ્રી ધર્માચાર્યોને મુક્તિનાં માર્ગની અને મુક્તિ માટેનાં સવાલો બાળજીવોએ વિના સંકોચે પૂછવાં જોઈએ, એ સત્યની ઝુરણાં ગણાય અને તે જ્ઞાન આરાધનાનું કારણ બને. બાળજીવોનાં સવાલમાં શ્રી ધર્માચાર્યોને જાણવાનાં સવાલો સ્વિકાર્ય ગણાય, પણ તેમને માપવાં કે નમાવવાં માટેનાં સવાલો અસ્વિકાર્ય ગણાય.**

**''સવાલ એ સાધનાં છે. જવાબ એ આજ્ઞા છે. સમાધાન એજ આરાધનાં છે''.**

**સદ્ગુરૂ બાળજીવોમાં પ્રથમ સ્થાપન જ્ઞાન વિરાધનાંથી બચાવવાનું કરે છે. ભવ ભ્રમણમાં ફરવાનું કારણ જ્ઞાન વિરાધનાં, - અજ્ઞાનમાં રહેવાનું કારણ જ્ઞાન વિરાધનાં - મુક્તિનો બોધ સાંભળવા ન મળવાનું કારણ જ્ઞાન વિરાધનાં, પુન્યલક્ષી બનવાનું નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો અને પુન્યલક્ષી બન્યાં પછી જીવ બળવાન જ્ઞાન વિરાધક બનીને બળવાન જ્ઞાન વિરાધનાંનો દોષ બાંધે છે કે જે દોષ ટાળતાં અનંતા ભવો લાગે છે. પુન્યલક્ષી બન્યાં પછી જીવ ભવમુક્તિનાં સાધનોને ભવભ્રમણનાં કારણો બનાવી દે છે. અને એજ બળવાન જ્ઞાન વિરાધનાનો દોષ બાળજીવોને લાગે છે. બાળજીવો માટેનાં મુક્તિનાં પ્રમુખ અને મુખ્ય પાંચ આધાર સ્થંભ જે છે કે જેની આરાધનાં થકી બાળજીવો મુક્તિ પામે છે.**

**૧) શ્રી તીર્થંકર પરમાત્મા (શ્રી ઈષ્ટદેવ).**
**૨) તેમણે રચાવેલાં ''મુક્તિ માટેનો માર્ગ'', શાસ્ત્રો.**
**૩) તે શાસ્ત્રોનાં અનુભવિ સદ્ગુરૂ કે જેમણે, આત્માનુભવિને આત્મામાંથી શાસ્ત્રોનાં સારનો, જ્ઞાન પ્રકાશ પ્રગટાવીને ''જ્ઞાન પ્રકાશ''ને પ્રકાશાવે છે.**
**૪) શાસ્ત્રોનાં જાણકાર એવા શ્રી ઉપાધ્યાયજી કે સ્વાધ્યાયકાર કે સુપાત્રો કે જેમણે શાસ્ત્રોને જાણ્યાં છે, માન્યાં છે અને શ્રધ્ધા સહિત આરાધે છે. (સદ્ગુરૂ બનાય નહીં અને સદ્ગુરૂ ગણાવાય નહીં. ત્યાગી હોય તો પરમ આદરભાવે અને ઉપકારી ભાવ માનીને શ્રી ગુરૂ ભગવંતો ગણાય અને ગણાવાય, સંસારી શ્રાવકપણાંમાં હોય તો આદરણીય અને માનનિય ગણાય. નિશ્રા ન લેવાય.)**
**૫) શાસ્ત્રોમાં આપેલી મોક્ષમાર્ગની સાધનાનાં આરાધક-સાધકો કે જેઓ ગુણો પ્રગટાવવાનાં અને કષાયોનો ક્ષય કરવાનાં પુરુષાર્થીઓ અને મનુષ્યભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ આપવામાં નિમિત્ત કારણ અને મોક્ષમાર્ગની સાધનામાં ગુણ સ્વભાવ અને શક્તિ સાધનાં આપનાર, પરમ ઉપકારી, જીવન પર્યંત ઉપકાર ઉતારી ન શકાય, અને જીવન અર્પણ કરી શકાય (તેમણે આપેલું જન્મ જીવન તેમને અર્પણતાંનાં ભાવે) તેવાં ધન્યતાનો અનુભવ કરાવનાર પુનિત પરમ ઉપકારી એવાં શ્રી માતા-પિતાને ભક્તિ સાધનાંનાં ફળની અર્પણતાનાં ભાવે આજીવન સર્વ-સમયથી ત્રિકાળ વંદનાં પૂર્ણ આશ્રીતભાવે-પૂર્ણ ઉપકાર માન્ય કરીને નિર્મળભાવે-નિર્મળબુધ્ધિએ-નિમર્ળ વર્તને-જ્ઞાનભાવે-ગુણ સ્વભાવે સાષ્ટાંગ પ્રયોગથી જગત માન્ય(સંસાર અને ધર્મ)થી પૂર્ણ વંદના.**

**આવાં પ્રકારે મુક્તિનાં પ્રખર-પ્રમુખ-અને મુખ્ય અનિવાર્ય એવાં પાંચ ''જ્ઞાન સાધનો''ની આરાધનાં થકી બાળજીવો મુક્તિનાં માર્ગમાં આવે છે. અને આવ્યાં પછી માર્ગનાં આરાધનાનાં ક્રમમાં ગોઠવાયને ક્રમિક આત્મીક ગુણો પ્રગટાવીને આગળ વધે છે. અને પૂર્ણ ગુણો પ્રકાશાવીને મુક્તિ પામે છે.**

**''અને''**

**પાંચ જ્ઞાન સાધનની વિરાધનાં થકી જીવ અનંતા ભવો મુક્તિનાં જ્ઞાનમાર્ગથી દુર થાય છે. જેમકે...**
**૧. શ્રી ઈષ્ટદેવની વિરાધનાંનાં કારણે અનંતા ભવો શ્રી ઈષ્ટદેવ વગરનાં ક્ષેત્રમાં કે સમાજમાં મનુષ્યપણું મળે છે, પણ શ્રી ઈષ્ટદેવ મળતાં નથી.**
**૨. શ્રી ઈષ્ટદેવ ન મળવાથી તેમનાં રચાવેલાં શાસ્ત્રો મળતાં નથી.**
**૩. શાસ્ત્રો ન મળવાથી (શ્રી ઈષ્ટદેવનો ધર્મ અને શાસ્ત્રો ન હોય તે ક્ષેત્ર અને સમાજ અનાર્ય કહેવાય) અને તેથી ત્યાં શ્રી ધર્માચાર્યો અને સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત થતો નથી.**
**૪. શ્રી ઈષ્ટદેવ અને શાસ્ત્રો અને શ્રી ધર્માચાર્યો અને સદ્ગુરૂ ન હોય તો મુક્તિની વાર્તા અને વિચારણાં કરવાં અને સાંભળવાં મળતી નથી.**
**૫. જે ક્ષેત્રથી કે મનુષ્યભવથી મુક્તિ મળતી નથી ત્યાં માતા-પિતાનાં નિમિત્ત કારણમાં ગુણ સ્વભાવ કે શક્તિસાધન મળતું નથી અને જે મળે છે; તે ''આસુરી શક્તિ સાધન'' હોય છે.**

**આવી રીતે જીવ જ્ઞાન વિરાધનાં કરીને જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાન આરાધનાંનો યોગ ટાળે છે. અને જ્યાં શ્રી ઈષ્ટદેવ ન હોય તેવાં મનુષ્યભવ મળે કે કષાય સહિતનો દેવલોક કે તિર્યંચગતિ મળે, પણ ત્યાં ફક્ત અનંતા દુ:ખ, અનંત પ્રકારનાં ભય અને સમય માત્રની પણ શાંતિ મળતી નથી. ''તો'' બાળજીવ કેવાં પ્રકારથી જ્ઞાન વિરાધનાં કરે છે, તેની ભાવિ લેખાંકમાં યોગે કરીને વિચારણાં કરશું.**

**સત્સંગનું પ્રમુખ અને મુખ્ય ફળ :**

**જ્ઞાન વિરાધનાથી બચીને ચાલવું, જ્ઞાન સાધના કરવી અને અલ્પ ભવોમાં મુક્તિ મેળવવી (પામવી).**

**અનુસંધાન પાના નં ૮૭ થી ચાલું**

જાણકારી મેળવે છે. (ગુપ્તદાનનો મહિમા અને બળવાન પુન્યનું ઉપાર્જન જાણવાં છતાં નથી થતું તેનું કારણ માનભાવ અને નામભાવનો બળવાન સંસારભાવ ગણાય) અને તેનાં અનુસાર ધર્મનાં વ્રત-તપ-ત્યાગ-દાન અને અનુષ્ઠાનો કરે છે. અને તેનાં થકી પુન્ય બાંધવાની પ્રકૃતિ બળવાન બનાવે છે. (પુન્ય બળવાન પ્રાપ્ત થતું નથી) અને જેની પુન્ય પ્રકૃતિ બળવાન તેનો સંસારભાવ બળવાન અને જેનો સંસારભાવ બળવાન તેનું અજ્ઞાન બળવાન અને જેનું અજ્ઞાન બળવાન તેની ''જ્ઞાન વિરાધનાં'' બળવાન અને જેની જ્ઞાન

**પુન્ય પ્રકૃતિનાં કારણે જ,**
**થઈ જ્ઞાન વિરાધનાં,**
**કરી પુન્યની મંદતા,**
**થઈ જ્ઞાનની ઝુરણાં.**

વિરાધનાં બળવાન તેની જડતાં-મુઢતાં-અજ્ઞાનતાં અને ભયભીતભાવ બળવાન અને જેનો ભયીતભાવ બળવાન તે જીવ શ્રી જિનેશ્વરની શ્રધ્ધા વગરનો અને આત્મીક ગુણ વગરનો અને ફક્ત પાંચ ઈન્દ્રિયધારી મનુષ્ય કહેવાય.

આવી રીતે પુન્ય પ્રકૃતિ મંદ અને પુન્ય પ્રકૃતિ બળવાનવાળા બાળજીવોની વૃતિ-પ્રવૃતિ અને પ્રકૃતિ આવી રીતે ભાવિ ભવોમાં ભવિત ભવ્યતાં અને અભવિત ભવ્યતાં જીવો જાણતાં કે અજાણતાં ધારણ કરે છે. પણ આ બંને પ્રકારની ભવ્યતાં બાળજીવો શ્રી ધર્માચાર્યોનાં નિમિત્ત કારણથી જ પ્રાપ્ત કરે છે.

**શ્રી જિનનાં નામે ક્રોધ કર્યા,**
**શ્રી જિનનાં નામે દ્વેષ કર્યા,**
**શ્રી જિનનાં નામે ધ્રુત કર્યું,**
**પામ્યો શું હું જિનનો બોધ?**

## ■ આત્માર્થીસાર ■

બાળજીવો જાણતાં કે અજાણતાં ''જ્ઞાનને'' ''અજ્ઞાન'' ગણીને ''જ્ઞાન વિરાધનાનો'' બળવાન દોષ બાંધે છે. તે ન બંધાય માટે બાળજીવોએ મિથ્યાત્વ શબ્દ પ્રયોગનો ઉપયોગ-સમજી-વિચારીને અને જાણીને કે વાંચીને કરવો એ આત્મહિતાર્થે ગણાય.

**શ્રી જિનનાં નામે માન દીધું,**
**શ્રી જિનનાં નામે કાર્યો કિધા,**
**શ્રી જિનનાં નામે જીવન ઘર્યું,**
**માગું છું શ્રી જિનનો બોધ.**

૧) સ્વધર્મનો આગ્રહ અને મોક્ષધર્મોનો આદર કરવો એ જ્ઞાન આરાધનાં કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૨) શ્રી તીર્થંકર પરમાત્મામાં બળવાન શ્રધ્ધા આવે એવું વાંચન જ્ઞાન આરાધનાં કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

3) શ્રી તીર્થંકર પરમાત્માનું પરમ ઉપકારીપણું જાણવું એ જ્ઞાન આરાધનાં કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૪) શ્રી પરમાત્માએ રચાવેલાં શાસ્ત્રોનું પૂર્ણ માન અને બહુમાન લક્ષમાં લેવું એ જ્ઞાન આરાધનાં કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૫) શાસ્ત્રોમાં આપેલો આત્મકલ્યાણનો બોધ કે જેને નિશ્ચયબોધ કે સિધ્ધાંતબોધ કહેવાય છે તે બોધ જાણવો-માનવો અને વાંચવો અને આરાધવો એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૬) શ્રી તીર્થંકર પરમાત્માની ઉપકારી ગણીને જ ભક્તિ કરવી એ જ્ઞાન આરાધનાં કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૭) શ્રી તીર્થંકર પરમાત્માનાં કોઈપણ કાર્યોને ''અસાધારણ ગણીને'' કરવાં એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધના ગણાય ?

**લીધું પુન્યનું માન મેં,**
**ગણ્યું ધર્મનું ધ્યાન તે,**
**કર્યું પુન્યનું અતિક્રમણ,**
**માન્યું ધર્મનું પ્રતિક્રમણ.**

૮) શ્રી તીર્થંકર પરમાત્માની કોઈપણ પ્રકારની ઈચ્છા રહિત (ફક્ત ઉપકાર માન્ય ગણીને) ભક્તિ કરવી એ જ્ઞાન આરાધના ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૯) શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ સાધનાં (ભયરહિત) આત્માર્થે કરવી એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૧૦) શાસ્ત્રોમાં આપેલાં બોધનો આત્મકલ્યાણનાં હિતાર્થે સવળું અર્થઘટન કરીને જીવનમાં અપનાવવું એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૧૧) સંપ્રદાયની સાધુ સંસ્થાનો પૂર્ણ આદર-પૂર્ણ ગૌરવ અને પૂર્ણ અહોભાવ રાખીને (અન્ય સંપ્રદાયમાં નિંદીત ન થાય) એવી સમજણ સહિત દોષો તરફ (વ્યક્તિ તરફ નહીં પણ વૃતિ તરફ) દ્રષ્ટિને બાળજીવોનાં આત્મહિતાર્થે દોરવવી એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

સંપ્રદાયનાં વ્યવહારથી ચાલતાં દેશ-કાળ અનુસારનાં ''વ્રત-તપ-ત્યાગ''નો પૂર્ણ આદર કરવો (આગ્રહ નહીં) તે જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૧૨) સદ્‌ગુરૂનાં અને અસદ્‌ગુરૂનાં ગુણો-લક્ષણો-અને કાર્યો જાણવાં એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધના ગણાય?

**ભવનાં ભેદને જાણવાં,**
**ટાળો મતનાં ભેદ,**
**કરો સત્ય વિચારણાં,**
**થાશે શ્રાવક શ્રેષ્ઠ.**

૧૩) ભવ મુક્તિમાર્ગનો બોધ અને ભવ બંધનનાં કારણો જાણવાં એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય?

૧૪) જેમાં જીવમાત્રની નિંદા થતી ન હોય, જેમાં કોઈ પણ મોક્ષમાર્ગી સંપ્રદાયની અવહેલનાં કે નાનપ બતાવી ન હોય. જેમાં ફક્ત આત્માનાં હિત કલ્યાણની સમજણ આપેલી હોય, અને શાસ્ત્રોમાં બતાવેલો મુક્તિનો માર્ગ અને મુક્તિનો બોધનાં સાર સ્વરૂપની સમજણ જાણવાં કે વાંચવાં મળે તે જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં ગણાય ?

૧૫) જેમાં શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો સ્થાપેલો અને બાળજીવો અર્થે પ્રકાશાવેલો આત્મધર્મ કે નિશ્ચયબોધ કે સિધ્ધાંતબોધનો સાર જાણવો-માનવો અને અન્યને વંચાવવો એ જ્ઞાન આરાધનાં ગણાય કે જ્ઞાન વિરાધનાં કહેવાય ?

આવી અનેક પ્રકારની સમજણો બાળજીવોએ શ્રી ધર્માચાર્યો પાસેથી જાણવી જોઈએ કે જેથી બાળજીવ જ્ઞાન વિરાધનાથી બચે અને જ્ઞાન વિરાધનાનો દોષ ન આવે તો મુક્તિનાં જ્ઞાનમાર્ગનો યોગ પ્રાપ્ત થાય. અને મુક્તિનાં જ્ઞાનમાર્ગનો યોગ પ્રાપ્ત થાય તો બાળજીવમાં મુક્તિની આરાધનાં કરવાની ઝુરણાં જાગે અને ભવબંધનથી જીવ મુક્તિ પામે.

**જ્ઞાનની આરાધનાએ મુક્તિ સહજ છે.**
**''પણ''**
**જ્ઞાનની વિરાધનાએ મુક્તિ દુર્લભ છે.**

**ધર્મનાં નામે માન લીધું,**
**ધર્મનાં કાર્યોમાં નામ દીધું,**
**કર્મોનાં કાર્યોમાં નિમિત્ત ગણ્યું,**
**ક્યાંથી મળશે, મુક્તિનો માર્ગ?**

## ■ ''ભવભ્રમણ ભુલ્યો નહીં'' ■

જે જ્ઞાનથી ગોપીત થયો તે જ્ઞાનને ભુલ્યો નહીં;
જે માર્ગથી મુર્છિત થયો તે માર્ગને ભુલ્યો નહીં;
જે ભુલથી ભુલો પડ્યો તે ભુલને ભુલ્યો નહીં;
જે ભાવથી ભ્રમિત થયો તે ભાવને ભુલ્યો નહીં;
જે દેહથી દાનવ થયો તે દેહને ભુલ્યો નહીં;
જે નામથી નાશીત થયો તે નામને ભુલ્યો નહીં;
જે માનથી માયા કરી તે માનને ભુલ્યો નહીં;
જે પાપથી પામર થયો તે પાપને ભુલ્યો નહીં;
જે ક્રોધથી કાયર થયો તે ક્રોધને ભુલ્યો નહીં;
જે કામથી કરમી થયો તે કામને ભુલ્યો નહીં;
જે મોહથી મરકટ થયો તે મોહને ભુલ્યો નહીં;
જે વિષયોથી વાંકો વળ્યો તે વિષયોને ભુલ્યો નહીં;
જે લોભથી લપસી ગયો તે લોભને ભુલ્યો નહીં;
જે લાભથી લટકી ગયો તે લાભને ભુલ્યો નહીં;
જે ક્લેશથી કલુષિત થયો તે ક્લેશને ભુલ્યો નહીં;
જે મનથી મેલો થયો તે મનને ભુલ્યો નહીં;
જે બુધ્ધિથી બગડી ગયો તે બુધ્ધિને ભુલ્યો નહીં;
જે ભાગ્યથી ભટકી ગયો તે ભાગ્યને ભુલ્યો નહીં;
જે ધર્મથી ધ્રુણિત થયો તે ધર્મને ભુલ્યો નહીં;
જે પુણ્યથી પતિત થયો તે પુણ્યને ભુલ્યો નહીં;
જે કર્મોથી કથીર થયો તે કર્મોને ભુલ્યો નહીં;
જે રાગથી રખડી ગયો તે રાગને ભુલ્યો નહીં;
જે દ્વેષથી દુઃખી થયો તે દ્વેષને ભુલ્યો નહીં;
જે નિમિત્તથી નાથી ગયો તે નિમિત્તને ભુલ્યો નહીં;

**ભવ ભ્રમણનું કારણ શું ?**
**ભવ બંધનનું મારણ શું?**
**ક્યારે છુટશે દેહ સ્વભાવ ?**
**માટે માગો શિઘ્ર જવાબ.**

**લોકસંજ્ઞાએ લોકાગ્રે ન જવાય.**
**ઓઘસંજ્ઞાએ અગ્રભાગે ન જવાય.**
**આત્મભાવે અરીહંતપદ પમાય (સિધ્ધપદ)**

આનંદ **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.

**Website : www.jainojago.com**

## ■ ''નવી લેખમાળા ''સ્વરૂપ-સ્વભાવે-મુક્તિ પ્રભાવ''ની જાણકારી'' ■

આત્માર્થી બાળજીવોની સત્ય જાણવાની (મુક્તિનો માર્ગ) જાણવાની-આરાધવાની બળવાન ઝુરણાંને કારણે આગળ ''જૈનો જાગો'' લેખમાળા લખેલ હતી અને તે ૫૮ લેખો લખીને અપૂર્ણતાંએ પુનઃ મુદ્રણ કરેલ હતી અને તેની સાથે નવી લેખમાળા ''જ્ઞાન-સ્વભાવ'' સત્યાંશનાં ૫૮ લેખો લખેલ છે. અહીંયા ''જ્ઞાન-સ્વભાવ'' સત્યાંશ ૫૮નાં લેખે લેખમાળાને અપૂર્ણતાંએ ક્રમશઃ રાખીને નવી લેખમાળા ''સ્વરૂપ-સ્વભાવે-મુક્તિ પ્રભાવ'' સારાંશની નવી લેખમાળા ટૂંક સમયમાં ઈશ્વર ઈચ્છાએ-પ્રભુકૃપાએ લખવાની અને પ્રગટ કરવાની ભાવ સમજણ રાખેલ છે. નવી લેખમાળા ''સ્વરૂપ-સ્વભાવે-મુક્તિ પ્રભાવ''માં મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાય-સમાજ-કુળમાં મળેલાં માનવભવને સંસારીક જીવન-જીવતાં-જીવતાં સરળતાંએ અને સાહજીકતાંથી આત્મકલ્યાણ - ભવકલ્યાણ કરીને મોક્ષાર્થીપણું અલ્પભવોમાં પ્રાપ્ત થાય તેની મુખ્ય-મુખ્ય ગુણ-લક્ષણ-સ્વભાવની વિચારણાં-વિચારવાની છે. આગળનાં જૈનો જાગોનાં ૫૮ લેખો અને જ્ઞાન સ્વભાવનાં ૫૮ લેખો કોમ્પ્યુટર પર ઈન્ટરનેટ વેબસાઈટ : www.jainojago.com માં છે.